ધાનેરા પોલીસે લાખો રૂપિયાના દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

દારૂ સહીત ૧૬.૫૦ લાખ ના મુદ્દામાલ સાથે એક બુટલેગર ની અટકાયત

ધાનેરા પોલીસે ધાનેરા તાલુકા ના થાવર ગામ નજીક થી દારૂ ભરેલી ટ્રક સાથે એક બુટલેગર ની અટકાયત કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે

રાજેસ્થાન માંથી ગુજરાત માં દારૂ ઘુસાડવામાં અનેક પ્રયત્ન

ચાલી રહ્યા છે ત્યારે પોલીસ પણ દારૂ પકડવામાં પાછી પાની નથી કરતી ત્યારે ધાનેરા પોલીસ મથક ના પોલીસ ઇન્સ્પેક્ટર આર કે પાઠક ને ખાનગી રહે બાતમી મળેલી કે રાજેસ્થાન થી દારૂ ભરી ને ટ્રક ધાનેરા તારક આવી રહી છે ત્યારે ધાનેરા પીઆઇ એ ધાનેરા તાલુકા ના થાવર ગામ નજીક નાકાબંધી હતી અને બાતમી વળી ટ્રક સામેથી આવતા તેને રોકવી હતી અને તેની તલાશી લેતા તેમાં એક ગુપ્ત ખાણું બનાવેલું હતું તેમાં વિદેશી દારૂ ની પેટીઓ ભરેલી હતી ધાનેરા પોલીસે ૬ ૫૦ હજાર નો દારૂ અને ૧૦ લાખ ની ગાડી કુલ મળી ૧૬ લાખ કરતા પણ વધુના મુદ્દમાલ સાથે એક બુટલેગર ની અટકાયત કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે

અત્યારે તો ધાનેરા પોલીસે લખો રૂપિયા ના દારૂ સાથે એક ઈસમ ની અટકાયત કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે પચઅરંતુ આ દારૂ ક્યાંથી લાવ્યો અને ક્યાં લઇ જવાતો હતો તેતો પોલીસ તાપસ બાદ જ બહાર આવશે.

જિલ્લા વિકાસ અધિકારી સ્તૃતિ ચારણ આઈએએસ દ્વારા પોતાના બાળકને આઉટરીચ સેશન શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હિંમતનગર ખાતે એમ.આર.ની રસી અપાવી. જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આ પ્રસંગે જણાવેલ કે તમામ પ્રજાજનોને જણાવેલ કે ઓરી અને રૂબેલાથી બચવા માટે સરકાર દ્વારા ચલાવવામાં આવતા એમ.આર. અભિયાનમાં પોતાના તથા અન્ય ૯ માસથી ૧૪ વર્ષ સુધીના બાળકોને એમ.આર.ની રસી અપાવવી જેથી બાળકોને ઓરી-રૂબેલાના રોગથી બચાવી શકાય. આ રસી સંપૂર્ણપણે સલામત છે.

ગાંધીનગર-કોબા માર્ગ પર પ્રેક્ષા ભારતી પાસે ગતરોજ બપોરના સુમારે જઈ રહેલા ટ્રેકટર પાછળ બાઈક ભટકાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલકને ચહેરા પર તેમજ શરીરે ઈજા પહોંચી હતી. ત્યારે હાજર પોલીસ કર્મચારીઓએ તાત્કાલીક ૧૦૮ને બોલાવી ઈજાગ્રસ્તને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બનાવને પગલે થોડીવાર માટે ટ્રાફિક જામ થઈ ગયો હતો.

મોડાસા ખાતે મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત માતૃ અભિવાદન કાર્યક્રમ

મહિલા સશકિતકરણ પખવાડિયા અંતર્ગત જિલ્લાશિક્ષણાધિકારી કચેરી અરવલ્લી અને શ્રી સી.જી.બુટાલા

સેકન્ડરી એન્ડ શ્રી બી.વી.બુટાલા હાયર સેકન્ડરી સર્વોદય હાઈસ્કૂલ મોડાસાના સંયુકત ઉપકમે શાળાની મહિલા શિક્ષકો દ્વારા 'માતૃ અભિવાદન' કાર્યક્રમનું તા.૧૩-૦૮-૨૦૧૮ના રોજ આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં શાળા પરિવારના કુલ -૭ અને શાળામાં અભ્યાસ કરતા બાળકોના કુલ - ૬૮ જેટલા વાલીગણ કે જેઓ માત્ર દિકરીઓનું કુળ ધરાવે છે, તેમનું સન્માન કરવામાં આવ્યું. સમારંભ અધ્યક્ષ બીપીનભાઈ શાહે પોતાના પ્રસંગોચિત વકતવ્યમાં સુંદર દેષ્ટાંતો દ્વારા સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં યોગદાન આપનાર મહિલાઓને યાદ કરી જણાવ્યું કે મોડાસા કેળવણી મંડળ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં હાલ ૨૪૯૧ વિદ્યાર્થીનીઓ અને ૧૨૩ મહિલા શિક્ષિકાઓ કાર્યરત છે જે આવનારા સમયમાં વિવિધ ક્ષેત્રોમાં આગળ વધી સમાજમાં મહિલાના સ્થાનને ગૌરવવંતુ બનાવશે તેવી શુભેક્ષા પાઠવી. નગરપાલિકા પ્રમુખ સુભાષભાઈ શાહે નારી શકિતનો મહિમા વર્ણવી સાથે સાથે વિદ્યાર્થીઓને સ્વચ્છતા અંગે જાગૃત કરી નગરને સ્વચ્છ બનાવવા સહકાર માટેનું આહવાન કર્યું. નાયબ જિલ્લા પોલીસ વડા ફાલ્ગુનીબેને ખુબજ અસરકારક પ્રવચન શૈલી દ્વારા મહિલાઓને પ્રગતિના માર્ગે અગ્રેસર રહેવાની શીખ આપી. નગરપાલિકા પૂર્વ પ્રમુખ વનીતાબેન પટેલે પોતાની આ માતૃસંસ્થાના વિદ્યાર્થી જીવનના સંસ્મરણોને યાદ કરી નારીશકિતને માનપૂર્વક બિરદાવી. સમારંભના અંતે ઉત્સાહી અને શાળાના વિકાસ માટે સતત કટિબદ્ધ એવા પ્રિન્સિપાલ ડૉ આર.સી. મહેતાએ ઉપસ્થિત તમામ મહાનુભાવો અને સમારંભને સફળ બનાવવા બદલ શાળાની શિક્ષિકા બહેનો તથા સમગ્ર શાળા પરિવારનો આભાર માની અભિનંદન પાઠવ્યા હતા.

પ્રમુખ સ્વામીની પુણ્યતિથિએ હરિભક્તોની પ્રાર્થનાંજલી

અમદાવાદ,તા.૧૩

પ્રમુખ સ્વામી મહારાજની પુણ્યતિથિએ શ્રદ્ધાળુઓ દ્વારા તેમને યાદ કરવામાં આવ્યા હતા અને તેમની સેવાઓની પણ ફરી એકવાર નોંધ લેવામાં આવી હતી. ક્રિકેટના સાધનો લેવા માટે નિકળેલા શાંતિ પટેલ કઈરીતે મહાન સંત બની ગયા તેની પણ એક પ્રેરણાસમાન બાબત રહી છે. આજે તેમના લાખો ભકતોએ પુણ્યતિથિએ તેમને યાદ કર્યા હતા. સ્વામીનારાયણ સંપ્રદાયના વડા પ્રમુખ સ્વામી મહારાજની આજે બીજી પૂણ્યતિથિ હતી. ૧૩મી ઓગસ્ટ ૨૦૧૬ના દિવસે સાંજે છ વાગે પ્રમુખ સ્વામી મહારાજ બ્રહ્મલીન થયાં હતા. પ્રમુખ સ્વામી મહારાજનો જન્મ પિતા મોતીભાઈ અને માતા દિવાળી બાના ઘરે વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ચાણસદ ગામે થયો હતો. તેમનો જન્મ ૭મી ડિસેમ્બર ૧૯૨૧ના દિવસે થયો હતો. તેમનું જન્મનું નામ શાંતિલાલ પટેલ હતું. તેઓ ક્રિકેટના સાધનો લેવા નીકળેલા અને રસ્તામાં શાસ્ત્રીજી



મહારાજની ચિઠ્ઠી મળતા સાધુ જીવન તરફ વળી ગયા હતા. બાપાને ૧૬ મે ૧૯૨૯ના રોજ ગામની શાળામાં પહેલા ધોરણમાં ભણવા બેસાડવામાં આવ્યા હતા. શાંતિલાલ સ્વભાવે શાંત પણ શિસ્તબદ્ધ, સમયપાલન સાથે ભણવામાં હોંશિયાર હતા. ઈતિહાસ અને ગણિત એમના પ્રિય વિષયો હતાં. વર્ગમાં ભણીને નંબર લાવવામાં સ્પર્ધા થતીને તેઓ હંમેશાં પ્રથમ -દ્વિતિય ક્રમાંકે વર્ગમાં રહેતા. એકથી પાંચ ધોરણ બાદ, તેમણે છઠ્ઠા ધોરણ માટે ,પાદરા ગામની શાળામાં પ્રવેશ લીધો. મિત્રો સાથે છ કિ.મી. સાયકલ લઈ, ઉબડ-ખાબડ રસ્તે, વરસાદના અંતરાયો વચ્ચે પણ અભ્યાસ માટે નિયમિત જતા હતા. પ્રમુખ સ્વામી મહારાજથી તમામ વિશ્વની મોટી હસ્તીઓ પણ પ્રભાવિત રહી હતી જેમાં સ્વર્ગસ્થ રાષ્ટ્રપતિ અને દેશના અગ્રણી વૈજ્ઞાનિક અબ્દુલ કલામ પણ ખુબ પ્રભાવિત હતા. આ ઉપરાંત વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ પ્રમુખ સ્વામી મહારાજથી પ્રભાવિત રહ્યા છે અને તેમને પોતાના પિતા સમાન ગણતા હતા. આ ઉપરાંત વિશ્વની અન્ય મોટી હસ્તીઓ પણ જ્યારે અમદાવાદ પહોંચતી હતી ત્યારે પ્રમુખ સ્વામી મહારાજને મળતી હતી.

બાલારામ મહાદેવ પ્રથમ સોમવારે જ ૐ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠ્યું

બનાસનદીના કિનારે પ્રકૃતિની ગોદમાં બિરાજમાન છે બાલારામ મહાદેવ : ઉત્તર ગુજરાતનું મીની કાશ્મીર ગણાતું શ્રી બાલારામ મહાદેવ શ્રાવણ માસમાં બને છે અનેરા આકર્ષણનું કેન્દ્ર.

ઉત્તર ગુજરાતના મીની કાશ્મીર ગણાતા બાલારામ મહાદેવ ખાતે પવિત્ર શ્રાવણ માસ દરમિયાન શ્રદ્ધાળુઓની ભારે ભીડ રહેતી હોય છે. પાલનપુર-આબુ હાઈવે પર આવેલા આ શિવધામમાં શ્રાવણ માસ દરમિયાન ભકિતનું ઘોડાપુર ઉમટે છે. અને અરવલ્લીની ગિરિમાળાઓ હર હર મહાદેવ ના નાદથી ગુંજી ઉઠે છે.

પાલનપુરથી ૧૮ કિલોમીટરના અંતરે આવેલા શ્રી બાલારામ મહાદેવના શિવલિંગ પર ગૌમુખમાંથી અવિરતપણે ગંગાજળનો અભિષેક થયા કરે છે. હજારો વર્ષ પહેલા દુકાળ પડતા લોકો પોતાના બાળકો મૂકીને જતા રહ્યા હતા. ત્યારે બાળરૂપે સ્વયં શંકર ભગવાને આવીને બાળકોને જીવતદાન આપ્યું હતું, જેથી બાળકોના રામ એટલેકે બાલારામ મહાદેવ તરીકે પુજાય છે. તેવું બાલારામ મહાદેવ મંદિરના પૂજારી ગોવિંદ ભાઈ ભટ્ટે જણાવ્યું હતું.

જોકે, બાલારામ મહાદેવ તેમના ભક્તોની મનોકામના પૂર્ણ કરતા હોઈ પરપ્રાંતમાંથી પણ શિવભક્તો અહીં આવી ધન્યતા અનુભવે છે. કહેવાય છે કે. બાલારામ મહાદેવના દર્શનાર્થે શ્રદ્ધાપૂર્વક આવતા શિવભક્તોને બાલારામ મહાદેવ કદાપિ નિરાશ કરતા નથી. જેથી અહીં પ્રથમ સોમવારથી જ શિવભક્તોની ભારે ભીડ જામી હતી.

આમ, શ્રી બાલારામ મહાદેવ ધામ એક પર્યટનધામ તરીકે વિકસી રહ્યું છે. જોકે, પવિત્ર શ્રાવણ માસ દરમિયાન તો શ્રી બાલારામ મહાદેવ શિવભક્તો માટે અનેરી અસ્થાના પ્રતિક સમાં પુરવાર થઈ રહ્યા છે.

ધાનેરામાં હિન્દૂ સમાજના દ્વારા વિશાળ રેલી યોજી પવિત્ર શ્રાવણ માસ દરમિયાન કતલખાના બંધ કરવાની માંગ

પવિત્ર શ્રાવણ ચાલુ થવા આડે હવે માત્ર ગણતરી નાજ દિવસો બાકી રહ્યા છે શ્રાવણ માસ ને હિન્દૂ ધર્મમાં પવિત્ર માસ તરીકે ગણવામાં આવે છે હિન્દૂ ધ્વરા શ્રાવણ માસ દરમ્યાન પૂજા અર્ચના તેમજ દાન પુણ્ય કરતા હોય છે હિન્દૂ ભાઈઓ ની લાગણી ન દુભાય તે માટે આજે ધાનેરા અંબાજી મંદિર ખાતે મોટી સંખ્યા માં હોઉંડુ ભાઈઓ ભેગા થઈ ને અંબાજી મંદિર વિશાલ રેલી યોજી હતી અને ધાનેરા મામલતદાર કચેરીએ પહોંચી આવેદન પત્ર આપી માંગણી કરી હતી કે ટૂંક જ સમય માં પવિત્ર શ્રાવણ માસ ની શરૂઆત થઈ રહી છે ત્યારે અમારી લાગણી ને માન આપી પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન ધાનેરા ના કતલખાના બંધ કરાવવા વિનંતી કરી હતી અને સાથે સાથે સરકાર ઉપર આક્ષેપ કરતા જણાવ્યું હતું મોટા ભાગ ના તમામ કતલખાના ગેરકાયદેસર ચાલે છે તંત્ર ને વારંવાર રજૂઆત કરવામાં આવી રહી છે છતાં પણ તંત્ર કાર્યવાહી કરવાના બદલે આવા લોકોને છાવરી રહી છે માટે જો હવે તંત્ર ધ્વરા કાર્યવાહી કરવામાં નહિ આવે અને જો આ કતલખાના બંધ નહિ થાય તે હિન્દૂ સમાજ ધ્વરા કતલખાના રેડ પાડવામાં આવશે અને જો કોઈ ઘટના ઘટશે તો તેના માટે સંપૂર્ણ જવાબદાર તંત્ર ગણાશે શ્રાવણ માસ દરમિયાન હિન્દુભાઈઓ ની લાગણી ન દુભાય તે માટે તંત્ર જાગૃત બને અને કતલખાના બંધ કરાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

હાહાકાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

વર્તમાન મોનસુનની સિઝનમાં સાત રાજ્યોમાં પુર અને ભારે વરસાદથી પરેશાની થઈ છે. આમાં હજુ સુધી ૭૭૪ લોકોના મોત થયા છે. ૧૬ રાજ્યોમાં પુરને લઈને એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ઉત્તરપ્રદેશ, હિમાચલપ્રદેશ, ઉત્તરાખંડ, કેરળ, કર્ણાટક, તમિળનાડુ, તમિળનાડુ બંગાળ, આસામ, નાગાલેન્ડ અને અરૂણાચલ પ્રદેશનો સમાવેશ થાય છે. કેરળમાં સૌથી વધુ ૧૮૭ લોકોના મોત થયા છે. દેશમાં મોનસૂનની વર્તમાન સિઝનમાં હજુ સુધી ૭૭૪થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. ગૃહ મંત્રાલય દ્વારા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે મોનસૂનની સિઝનમાં સાત રાજ્યોમાં પુર અને વરસાદ સંબંધિત બનાવોમાં ભારે નુકસાન થયું છે. ગૃહ મંત્રાલયના નેશનલ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ઉત્તરપ્રદેશમાં ૧૭૧ લોકોના મોત થયા છે. જ્યારે મહારાષ્ટ્રમાં ૧૩૯ લોકોના મોત થઈ ચુક્યા છે. ગુજરાતમાં પણ ભારે વરસાદના પરિણામ સ્વરૂપે બાવનથી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. જે રાજ્યોમાં પુરની સ્થિતિ અને ભારે વરસાદની સ્થિતિ રહી છે તેમાં ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, કેરળ, મહારાષ્ટ્ર, ગુજરાત, આસામ, નાગાલેન્ડનો સમાવેશ થાય છે. કેરળ અને પશ્ચિમ બંગાળમાં ૨૬થી વધુ લોકો હજુ લાપત્તા બનેલા છે. મહારાષ્ટ્રમાં ૨૬ જિલ્લાઓમાં વરસાદ અને પુરના કારણે અસર થઈ છે. જ્યારે પશ્ચિમ બંગાળમાં ૨૨ અને આસામમાં ૧૪ જિલ્લાઓને અસર થઈ છે. કેરળમાં ૧૪, ઉત્તરપ્રદેશમાં ૧૨, ગુજરાતમાં ૧૦ અને નાગાલેન્ડમાં ૧૧ જિલ્લાઓને અસર થઈ છે.

દંડની જોગવાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાંચ વર્ષ અને વધુમાં વધુ ૧૦ વર્ષની સખત કેદની સજા અને ૨૫ હજારનો દંડ કરવામાં આવશે. ચેઈન સ્નેચીંગ સહિતની વસ્તુ ચોરનારને ૭ વર્ષની જેલ અને ૨૫ હજારનો દંડ થશે. ૩૭૯ (ક) ૪ અંતર્ગત ચેઈન સ્નેચીંગના પ્રયાસથી સામેવાળી વ્યક્તિને ઈજા કે ઈજાનો ભય પેદા કરે તો વધુ ૩ વર્ષની સખત કેદની સજા થશે. આ જ પ્રકારે ૩૭૯(ખ) મુજબ, સ્નેચીંગથી પીડિતનું મૃત્યુ થાય કે અવરોધ ઊભો કરીને મોત કે ઈજા પહોંચાડે તો સાત વર્ષથી લઈને ૧૦ વર્ષની સખત કેદની સજા અને ૨૫ હજારનો દંડ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આમ કાયદો વધુ કડક અને સજામાં વધારો થવાના કારણે રાજયમાં ચેઈન સ્નેચીંગના ગુનાઓ પર લગામ કસી શકાશે, સાથે સાથે જ મહિલાઓ સહિત નાગરિકોના જાનમાલનું પણ રક્ષણ થશે. સરકાર દ્વારા કેબીનેટમાં બેઠકમાં આ મહત્વના નિર્ણય અંગે સર્વસંમતિ સાધવામાં આવી હતી અને આ અંગેનો ઓર્ડિનન્સ રાજયપાલની મંજૂરી માટે મોકલાશે અને ત્યારબાદ તેને પ્રસિધ્ધ કરી અમલવારી કરવામાં આવશે. ચેઇન સ્નેચીંગના ગુનામાં અગાઉ આરોપીઓને સરળતાથી જામીન મળી જતા હતા અને તેથી આવા ગંભીર ગુનામાં આરોપીને જામીન ના મળે તેવી કડક જોગવાઇ પણ લાગુ પાડવામાં આવશે. સરકારના આ મહત્વના નિર્ણયને પગલે રાજયભરની મહિલાઓમાં કંઇક અંશે સુરક્ષા અને રાહતની લાગણી જન્મી છે.

ભાગદોડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે તરત જ નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. શ્રાવસ માસના પ્રથમ દિવસે સોમવારના દિવસે શિવની ઉપાસના ખાસ રીતે કરવામાં આવે છે. જેના કારણે આજના દિવસનુ ખાસ મહત્વ રહે છે. જેના ભાગરૂપે આજે દેશના તમામ નાના મોટા શિવ મંદિરમાં સવારથી જ શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. બાબા ગરીબનાથ મંદિરમાં વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યા હતા. ભીડ પર કાબુ મેળવી લેવાના પ્રયાસ પુરતા સાબિત થયા ન હતા. ભીડના કારણે ભાગદોડની ઘટના બની હતી. અફડાતફડીના કારણે કેટલાક લોકો નીચે પડી ગયા હતા. કેટલાકના પગ કચડાઇ ગયા હતા. કોઇ રીતે વહીવટીતંત્ર દ્વારા સ્થિતીને કાબુમાં લેવામાં આવી હતી. ૨૦ લોકો ઘાયલ થયા હોવાના હેવાલ મળ્યા છે.

સત્તા સંઘર્ષ

● અનુસંધાન પહેલાનું ચાલુ

એક મહત્વપૂર્ણ બેઠક યોજાનાર છે. પાર્ટીમાંથી કાઢી મુકવામાં આવેલા ડીએમકે નેતા અલાગીરીને પાર્ટીમાં ફરી સામેલ કરવાની માંગ વધારે તીવ્ર બની ગઈ છે. પાર્ટીના લોકો કહે છે કે પાર્ટીમાં તેમને સામેલ કરવામાં આવે તે હવે સમય આવી ગયો છે. કરૂણાનિધીના પુત્ર દયાનિધી અલાગીરીને પણ ભાવિ નેતા તરીકે દર્શાવવામાં આવી રહ્યા છે. ટુંક સમયમાં પાર્ટીના ટોપ પર હોદ્દા માટે પસંદગી કરવામાં આવનાર છે. પાર્ટીમાં ટોપ નેતાઓ ખેંચતાણના કારણે પરેશાન છે. સોશિયલ મિડિયા ઉપર સમર્થનમાં કેટલાક વિડિયો મુકવામાં આવ્યા છે. સાથે સાથે પોસ્ટર પણ મુકવામાં આવ્યા છે. જેમાં કરૂણાનિધિના પુત્ર દયાનિધિ અલાગીરીને ભવિષ્યના નેતા તરીકે પ્રોજેક્ટ કરવામાં આવી રહ્યા છે.

આવી સ્થિતિમાં ડીએમકેના પ્રવક્તા પણ અલાગીરીના મામલામાં ત્કોઇ પ્રતિક્રિયા આપી રહ્યા નથી. ડીએમકેના એક પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે, મંગળવારના દિવસે પાર્ટીની કારોબારી સમિતિની બેઠક બોલાવવામાં આવી છે. હવે જનરલ કાઉન્સિલિંગ પાસે ૮૦ દિવસનો સમય રહ્યો છે જેમાં તે ભવિષ્યના મહત્વપૂર્ણ હોદ્દા અને મામલાઓને લઈને નિર્ણય કરશે. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે, કરૂણાનિધિના અવસાન બાદ પરિવારમાં સત્તા સંઘર્ષ ચરમસીમા ઉપર પહોંચી શકે છે.

સેવાસેતુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવા માટેની સૂચનાઓ આપી હોવાથી ૧૫મી ઓગષ્ટની ઉજવણી પછી તંત્ર સેવાસેતુના કાર્યક્રમના આયોજનમાં વ્યસ્ત બનશે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર આ સેવાસેતુમાં કયા કયા અધિકારીઓએ હાજર રહેવાનું છે તેની પણ વિશેષ સૂચનાઓ આપી છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે સેવાસેતુના અગાઉ યોજાયેલ ત્રણ તબક્કાની ભારે સફળતા બાદ હવે ચોથો તબક્કો આ કાર્યક્રમનો યોજવાનો નિર્ણય કર્યો છે. સચિવાલય કક્ષાએથી આ કાર્યક્રમના અમલીકરણનું પણ વિશેષ મોનીટરીંગ થશે. શહેરી વિસ્તારમાં બે વોર્ડ દીઠ એક કાર્યક્રમનું આયોજન કરવા માટે જણાવાયુ છે. નાના વોર્ડ હોય તો તેમાં વધ-ઘટ કરી શકાશે તેમ પણ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા કહેવામાં આવ્યુ છે.

ગણતરી કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કટોતી પણ વનતંત્ર દ્વારા કરવામાં આવી છે.જયારે સુકા વૃક્ષો દુર કરવા માટે સર્વે પણ હાથ ધરાયો છે. જેના અંતે શહેરમાં ૧૧૯ જેટલા સુકા વૃક્ષોની કટોતી કરવામાં આવશે. બીજીતરફ શહેરના મુખ્યમાર્ગો આસપાસ વૃક્ષોની ગણતરી પણ કરવામાં આવી રહી છે. હાલ વનતંત્ર દ્વારા આ વૃક્ષોનો સર્વે કરી ગણતરી પણ કરવામાં આવશે. જયારે આગામી દિવસોમાં નવા રોપાઓની વાવણી માટે પણ કામ હાથ ધરાશે.

પવિત્ર શ્રાવણમાસના પ્રથમ સોમવારે ધનસુરા તાલુકાના શિવાલયોમાં ભક્તોની ભીડ

પવિત્ર શ્રાવણ માસનું હિંદુ ધર્મમાં ખુબ મહત્વ છે. પ્રથમ સોમવાર હોવાથી ધનસુરા તાલુકાના શિવાલયોમાં ભક્તોની ભીડ જોવા મળી હતી. ધનસુરામાં પાંડવોના સમયનું અતિ પ્રાચીન દેવીયા મહાદેવનું મંદિર આવેલું છે. આ મંદિરે શ્રધ્ધાળુ ઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. શ્રાવણ માસના આજે પ્રથમ સોમવારે ભક્તોએ બિલીપત્ર, દૂધ અને પુષ્પથી ભગવાનની પૂજા કરી હતી. ભક્તોએ આજે પ્રથમ સોમવારે ભગવાન શિવની પૂજા કરી ધન્યતા અનુભવી હતી.

રખડતા ઢોર પકડવા તંત્ર પાસે પૂરતો સ્ટાફ જ નથી

ગુજરાત હાઈકોર્ટ દ્વારા રખડતા ઢોરના ત્રાસ નિવારણ માટે અવારનવાર મહત્વના આદેશો જારી કરાયા છે પરંતુ હજુ સુધી રખડતા ઢોરની સમસ્યાનું સંપૂર્ણપણે નિવારણ થઈ શકયું નથી. તેનું સૌથી મોટું એક કારણ એ પણ છે કે, રખડતા ઢોર પકડવા માટે ખુદ અમ્યુકો તંત્ર પાસે પૂરતો સ્ટાફ જ નથી. રખડતા ઢોરની સમસ્યાનું સંપૂર્ણ નિવારણ લાવવું એ અમ્યુકો તંત્ર માટે બહુ કપરું કાર્ય છે. ખુદ રાજય સરકાર પણ આ મુદ્દે વિચારણા કરી રહી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના જમાલપુરના જગન્નાથ મંદિરની સામે આવેલા સેન્ટ્રલ સ્ટોર્સમાં ઢોર ત્રાસ અંકુશ વિભાગની ઓફિસ છે.